For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સુરત એરપોર્ટ પર એર ઈન્ડિયા એક્સપ્રેસની બેંગકોક - સુરત ફ્લાઇટમાં નશાની 'તસ્કરી'

# એક જ ફ્લાઈટમાંથી 8 Crનો ગાંજો જપ્ત

**કસ્ટમ્સ** એર ઓપરેશન સુરત દ્વારા કુલ બે કેસ મળી 8 કિલો હાઇડ્રોપોનિક ગાંજા સાથે 6 આરોપીની ધરપકડ કરાઇ

**2,050.22** ગ્રામ ગાંજો બેંગકોકથી સુરત પ્લેનમાં સીટ નં. 28 A નીચેથી બિનવારસી મળ્યો

સુરતઃ એર ઈન્ડિયા એક્સપ્રેસની બેંગકોક - સુરત ફ્લાઈટમાં 7 ફેબ્રુઆરીએ એક જ દિવસે 2 કેસમાં 8 કરોડની કિંમતનો ગાંજો પકડી પાડવામાં આવ્યો છે. આ મામલામાં કસ્ટમ્સ એર ઓપરેશન સુરત દ્વારા કુલ 8 કિલો હાઈડ્રોપોનિક ગાંજા સાથે 6 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પ્રથમ મામલામાં 2 કિલો ગાંજો બિનવારસી મળ્યો હતો, જ્યારે બીજા કેસમાં 6 કરોડની કિંમતના 6 કિલો ગાંજા સાથે 6 આરોપી પકડાયા હતા.

પહેલા કેસમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ તરફથી મળેલા કોલના આધારે, ફ્લાઈટ નં.IX-263ના


અનુસંધાન પાના ૫ પર

### હરિયાણાની ડ્રગ્સ માફિયા ગેંગે બેંગકોકથી ગાંજો લાવવા સુરત રિટર્ન થતી ફ્લાઇટ પર નજર દોડાવી

સુરત - બેંગકોક સુરત ફ્લાઇટ ડેઇલી થતા હરિયાણા, યુપી.ની ડ્રગ્સ માફિયા ગેંગે બેંગકોકથી ઉચ્ચ ક્વોલિટીનો હાઇડ્રોપોનિક ગાંજો - કેનાબીસ લાવવા આ ફ્લાઈટનો ઉપયોગ શરૂ કર્યો છે. સુરત કસ્ટમ્સ એર ઇન્ટેલિજન્સને આ અંગે બાતમી મળતા 7મી ફેબ્રુઆરીએ બેંગકોકથી સુરત આવેલી ફ્લાઈટના તમામ પેસેન્જરોને અપીલ સાથે થોડો સમય કસ્ટમ ક્લિયરન્સ એરિયામાં રોકી રાખી વન બાય વન જવા દેવામાં આવ્યા હતા. એને લીધે ગાંજાની હેરાફેરી કરનાર 6 ખેપિયાની ધરપકડ કરવામાં આવી હતી.

### બેંગકોકથી સુરત આવેલા ખેપિયા ચોક્કસ સીટ નીચે ગાંજો મૂકી જતા રહે છે, જે સુરતથી દિલ્હી બીજા ખેપિયા લઈ જાય છે

હરિયાણા અને યુપી.ના ડ્રગ્સ માફિયાઓએ બેંગકોકથી સુરતની ધરતી પર ગાંજો ઉતાર્યા વિના દિલ્હી લઈ જવા ગજબની મોડસ ઓપરેન્ડી શોધી કાઢી છે. એર ઇન્ડિયા એક્સપ્રેસની બેંગકોકથી સુરત આવતી ઇન્ટરનેશનલ ફ્લાઇટ થોડો સમય વિરામ લીધા પછી સુરતથી દિલ્હી જવા ડોમેસ્ટિક ફ્લાઇટ બની જતી હોય છે. બેંગકોકથી સુરત આવતી અને સુરતથી દિલ્હી જવા માંગતી આ ફ્લાઇટની તપાસ થતી નથી. એને લીધે સુરતથી બેંગકોક પહોંચી ગાંજો જે ખેપિયો મેળવે છે એ જ સુરત આ ફ્લાઇટમાંથી સુરત એરપોર્ટ ઉતરી જતા પેહલા ગાંજો સુરતથી બીજો ખેપિયો ડોમેસ્ટિક ફ્લાઈટના દિલ્હી જવાનો હોય છે. એનો સીટ નંબર જાણી એની નીચે ગાંજાના પેકેટ મૂકી જતો રહે છે. એટલે કે ગાંજો બેંગકોકથી સુરત અને સુરતથી દિલ્હી રૂટ પર વિમાનમાં જ રહે છે.




### મુસાફરે ગંદકીની ફરિયાદ કરી અને ગાંજાના આંતરરાષ્ટ્રીય મહાકાય નેટવર્કનો ભાંડો ફૂટ્યો

7 ફેબ્રુઆરીએ બેંગકોકથી સુરત આવેલી આ ફ્લાઇટમાં ગંદકી થઇ હોવાની ફરિયાદને પગલે એરઈન્ડિયા એક્સપ્રેસના સ્ટાફે સફાઈ કામ માટે કામદારોને મોકલ્યા હતા. તેઓને ફ્લાઇટ IX-263 (બેંગકોકથી

અનુસંધાન પાના ૫ પર

### હવે બેંગકોકથી સુરત આવી દિલ્હી જતી ફ્લાઇટની કસ્ટમ વિભાગ રોજે રોજ સુરતમાં તપાસ કરશે

હરિયાણા, યુપી.અને દિલ્હીના ડ્રગ્સ માફીયાઓએ બેંગકોક સુરતની ઇન્ટરનેશનલ ફ્લાઈટનો ગાંજો લાવવા અને સુરતથી દિલ્હી જવા ડોમેસ્ટિક ફ્લાઇટ બનતા આ જ એરક્રાફ્ટનો ઉપયોગ શરૂ કરતા બેંગકોકથી સુરત આવી દિલ્હી જતી ફ્લાઇટની કસ્ટમ અધિકારીઓ અને એર ઈન્ડિયા એક્સપ્રેસનો સ્ટાફ હવે રોજે રોજ તપાસ કરશે. આ વિમાન બેંગકોકથી સુરત આવી ખાલી થતા જ બંનેની ટીમો 189 સીટ, લગેજ એરિયા અને ટોયલેટ એરિયાની તપાસ કરશે.

### હનીમૂન પર જ પત્નીએ કહી દીધું 'મને આ લગ્ન પસંદ નથી'

# રેલવે વિભાગમાં પરિણીત સાહેબ અને પરિણીત મહિલા કર્મીનું ઇલુ.. ઇલુ..

**સાહેબના** ચક્કરમાં આજે પત્નીએ પોતાની રાહ પકડી લીધી પણ પતિ પત્નીની રાહ જોઈ રહ્યો છે

**બંનેનાં** પ્રેમભર્યા ચેટીંગના મેસેજોથી પત્નીની બેવફાઈથી પતિ દુ:ખી

સુરત : સુરત રેલવે સ્ટેશનમાં ફરજ બજાવતા એક પરિણીત સાહેબ અને પરિણીત મહિલા કર્મચારી વચ્ચેના કથિત પ્રેમસંબંધે રેલવે વિભાગમાં ભારે ચર્ચા જગાવી છે. આ સંબંધે બંનેના વૈવાહિક જીવનમાં તણાવ ઊભો કર્યો હોવાની ચર્ચા છે, તેમજ મામલો પશ્ચિમ રેલવેના હેડક્વાર્ટર સુધી પહોંચ્યો હોવાનું જાણવા મળે છે. પરિણીત સાહેબ અને પરિણીત મહિલા કર્મીનું ઇલુ ઇલુ રેલવે વિભાગમાં ચર્ચાના ચકડોળે ચડ્યું છે. દીકરી માનીને પિતાએ દીકરાના લગ્ન કરાવ્યા હતા.

આ નવયુગલના હાથમાં ચમકતી મહેંદી રંગની જેમ નવું જીવન હિલોળા લેતું હતું. લગ્ન બાદ આ યુગલ નવી દુનિયાના સપના સર્જાવી હિમ વર્ષાની ગોદમાં હનીમૂન મનાવવા નીકળી પડ્યા હતા. જીવન સંગીની સાથે સુખી જીવનની અપેક્ષાએ હનીમૂન મનાવતા પતિ પર જાણે આભ તુટી પડ્યું હોય તેમ હનીમૂન પર જ પત્નીએ કહી દીધું કે મને આ લગ્ન પસંદ નથી કોઈ અન્ય વ્યક્તિ મને પસંદ છે. અહીંથી શરૂ થયો પતિ પત્નીની વચ્ચેનો ખટરાગ કાનુની પ્રક્રિયા સુધી પહોંચી ગયો. પતિ પત્ની વચ્ચે અંતર વધતું ગયું. પત્ની તેના સાહેબમાં બીઝી થઈ ગઈ અને આ વાત ઉપરી અધિકારીઓ સુધી પહોંચી જતાં ચર્ચાનો વિષય બની ગયો. પતિએ રેલ્વે પોલીસ સ્ટેશનમાં પત્ની અને તેના પ્રેમી વિરુદ્ધ ફરિયાદ પણ કરી જેમાં પતિએ ગંભીર આક્ષેપો પણ લગાવ્યા હતા. સાથે સાથે આ પત્નીનાં પ્રેમી સાથેના ફોટા, વોટ્સ

અનુસંધાન પાના ૫ પર

# ચીખલી હાઈવે પરથી ટેમ્પોમાં 50 લાખની સંદિગ્ધ ચલણી નોટો ઝડપાઈ

**પ્રતિબંધિત** 2000ના દરની ૧૮ નોટો પણ મળી આવી, વધુ તપાસ માટે ઈનકમ ટેક્સ વિભાગને જાણ કરાઈ

**30** પાર્સલ પૈકી ૧૫ સુરત અને ૧૪ અમદાવાદ તથા એક રાજકોટ સ્થિત સૂર્યા લોજિસ્ટિક કંપનીની ઓફિસે પહોંચાડવાના હતા



ફોટો - ચીખલી નોટોનો જથ્થો

ઘેજઃ ચીખલી પોલીસે લોજિસ્ટિક કંપનીના ટેમ્પોના પાર્સલમાંથી બિનહિસાબી પચાસ લાખ રૂપિયાની રકમ કબજે કરી વધુ તપાસ માટે ઈન્કમ ટેક્સ વિભાગને સુપ્રત કરવાની તજવીજ હાથ ધરી હતી. મોટાભાગની ચલણી નોટો ૧૦ અને ૨૦ના દરની હોવાથી પોલીસને મશીનો દ્વારા ગણવામાં પણ લાંબો સમય લાગ્યો હતો. આ પચાસ લાખ

અનુસંધાન પાના ૫ પર

### ૧૦ અને ૨૦ના દરની નોટો મશીનો દ્વારા ગણવામાં પણ પોલીસને પરસેવો પડી ગયો

૧૦ અને ૨૦ના દરની જ ૪૬ લાખ રૂપિયા જેટલી રકમ હોવાથી મશીનોથી ગણતા પણ પોલીસને પરસેવો પડી ગયો હતો. જો કે આ નાણાં હવાલાના હતા કે કેમ? તે કોના દ્વારા કોને પહોંચાડવાના હતા? તે અંગેની હકીકત બહાર આવી નથી. ત્યારે ઇન્કમ ટેક્સ વિભાગની તપાસમાં આ હકીકતો બહાર આવશે તેમ લાગી રહ્યું છે.

# ડુમસ બોક્સ ક્રિકેટ રમવા જઈ રહેલા 5 મિત્રને અકસ્માત, એકનું મોત

**ભેંસાણ** રોડ પાસે માટીના ઢગલા પર કાર ચડાવી દેતા કાર પલટી ગઈ, ચારને ઇજા

સુરતઃ નાની વેડથી ડુમસ બોક્સ ક્રિકેટ રમવા જતાં પાંચ મિત્રની કારને અકસ્માત સર્જાયો હતો. ભેંસાણમાં માટીના ઢગલા પર કાર ચડાવી દેતા કાર પલટી ગઈ હતી. જેમાં એકનું મોત નીપજ્યું હતું. જ્યારે કારસવાર અન્ય ચાર મિત્રને ઇજા થઈ હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગરના વતની, અશોકભાઈ રોય હાલ ડભોલી નાનીવેડ ખાતે આવેલી રસ્કો બિલ્ડિંગમાં પરિવાર સાથે રહે છે. અશોકભાઈ કિમ ખાતે ચણાની દાળની લોટ (બેસન) ની ફેક્ટરી ચલાવે છે તેમજ તેમનો એકનો એક 24 વર્ષીય પુત્ર ઓમ પણ તેમણે ફેક્ટરીના કામમાં મદદરૂપ થતો હતો. શનિવારે રાત્રે ઓમ તેના અન્ય મિત્રો સાથે ડુમસ ખાતે બોક્સ ક્રિકેટ રમવા માટે જઈ રહ્યા હતા. જેથી તેઓ બધા કતારગામ રોડ પર આવેલ હરિ દર્શનના ખાડા પાસે ભેગા થયા હતા. ત્યાંથી તેઓ કારમાં બેસીને ડુમસ જવા રવાના થયા હતા. ત્યારે દર્શિત ધનસુખભાઈ જીવાણી નામનો મિત્ર કાર ચલાવી રહ્યો હતો. દરમિયાન ગફલતભરી રીતે કાર ચલાવતા કાર ભેંસાણ રોડ રિલાયન્સ કોલોની પાસે ખોદેલા ખાડાની માટીના ઢગલા પર ચડી ગઈ હતી. જેના લીધે કાર પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ઓમને ગંભીર ઇજા થઈ હતી. જ્યારે દર્શિત જીવાણી, ક્રિષ્ના

અનુસંધાન પાના ૫ પર

# સરથાણા ઝૂમાં નવા વાઘ દંપતીનું આગમન, દહાડ વધશે

**બે** વ્હાઈટ ટાઈગર સહિત હવે વાઘની કુલ સંખ્યા 6 પર પહોંચી, આદાન-પ્રદાન હેઠળ વરુ, શિયાળ, હરણ, ચોશીંગા પણ આવ્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા ઝુ પ્રાણીસંગ્રહાલયમાં વન્યજીવોના આદાન-પ્રદાનના પ્રોજેક્ટ હેઠળ નવા મહેમાનોનું આગમન થયું છે. સુરત મનપાની ઝુ ટીમ ગત ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં ઓરિસ્સાના ભુવનેશ્વર સ્થિત પ્રસિદ્ધ નંદનકાનન ઝૂની મુલાકાતે ગઈ હતી, જ્યાંથી સુરતને એક નર અને એક માદા વાઘની જોડી ભેટ મળી છે. આ ઉપરાંત, ઓરિસ્સાથી 2 માદા વુલ્ફ (વરુ), 2 નર અને 3 માદા શિયાળ, 2 માદા બાર્કિંન ડિયર તથા 1 નર અને 2 માદા ચોશીંગા પણ સુરત લાવવામાં આવ્યા છે. આ પ્રાણીઓના બદલામાં સુરતના સરથાણા ઝૂ તરફથી નંદનકાનન ઝૂને 3 નર અને 2 માદા જળબિલાડી, 1 નર અને 1 માદા સિલ્વર ફિશાઉટ, 10 કાચબા તથા 2 નર વુલ્ફ આપવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે ઓક્ટોબર માસમાં ઈન્દોરથી પણ 1 નર વાઘ સુરત લાવવામાં આવ્યો હતો, આમ

અનુસંધાન પાના ૫ પર


**શ્રદ્ધાંજલિ**




સમય પહેલા સૂર્ય અસ્ત થયો; જાણે ક્ષણવારમાં અંધકાર છવાઇ ગયો, અણધારી વિદાય લઇને તમે પ્રભુમાં સમાઇ ગયા, તમારી યાદ સદાય ફૂલોની જેમ મહેંકતી રહેશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના

સ્વ. સંકેતભાઈ સતિષભાઈ પટેલ
સ્વ. તા. ૦૫/૦૨/૨૦૨૬

લિ.
જયંતિભાઈ દયાળભાઈ પટેલ ધર્મિષ્ઠાબેન જયંતિભાઈ પટેલ
બિકેન મનોજભાઈ પટેલ કરિના બિકેન પટેલ
સ્વપ્નિલ જયંતિભાઈ પટેલ
સરનામુઃ અઠવા અંબિકા નિકેતન ખાન સાહેબની વાડી, સુરત

**પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



અમારા જીવનનાં ઘડવૈયા તમે,
તમારા જીવનથી ઉજ્જવળ અમે,
તમારા સંસ્કારથી શોભતા અમે,
એક પળ ન ભુલાશો તમે.
તમે સદૈવ અમારી સાથે હતા,
છો અને રહેશો...
પરમકૃપાળુ પરમાત્મા
તમારા દિવ્ય
આત્માને શાંતિ આપે.

સ્વ.રાજેશભાઈ બાબુભાઈ કાપડિયા
સ્વ.તા.૦૯/૦૨/૨૦૨૫
(મહા સુદ બારસ)

લિ.
ગં.સ્વ. દક્ષાબેન કાપડિયા
ડો. રિચેશ કાપડિયા ડેનિશ કાપડિયા
ડો. ખુશ્બુ કાપડિયા ડેઝી કાપડિયા
હર્ષ કાપડિયા નીવ કાપડિયા

**હાર્દિક શ્રદ્ધાંજલિ**

તૃતીય પુણ્યતિથિ



સ્વ. સવિતાબેન
ઉમેદરામ કાપડીયા
સ્વ. તા. ૦૯/૦૨/૨૦૨૩

અઢારમી પુણ્યતિથિ



સ્વ. ઉમેદરામ
હરકિશનદાસ કાપડીયા
સ્વ. તા. ૧૦/૦૨/૨૦૦૮

તમે વિદાય લીધા બાદ જીવનમાં જે ખાલીપો સર્જાયો છે, તે કોઈ પણ શબ્દોથી ભરાઈ શકતો નથી; તમારી સ્મૃતિઓ જ અમારી સૌથી મોટી સંપત્તિ છે.તમારી હાજરી આજે પણ અમારી દરેક શ્વાસમાં અનુભવી શકાય છે.ભગવાન તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
વિજય ઉમેદરામ કાપડીયા
ધર્મેશ વિજય કાપડીયા
વિજય રેયોન્સ

**હાર્દિક શ્રદ્ધાંજલિ**



કદી વિચારી ન શકાય તેવી તમારી
વિદાય સૌના હૃદય ધ્રુજાવી ગઇ,
હજુ મન માનતુ નથી કે તમે અમારી વચ્ચે નથી,
રડી પડે છે આંખો અમારી જોઇ મીઠી તસ્વીર તમારી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સતિષભાઈ મકનભાઈ પટેલ
સંગીતાબેન સતિષભાઈ પટેલ
પ્રકાશભાઈ મકનભાઈ પટેલ
પૂર્વાબેન પ્રકાશભાઈ પટેલ
નિર્મલભાઈ ધનસુખભાઈ પટેલ
રાધિકાબેન નિર્મલભાઈ પટેલ
કેવિન, જીલ, ધનીન, ક્રિશિવ
શિવશક્તિ ફાર્મહાઉસ, ગવિયર ગામ, પો. ડુમસ, સુરત.

સ્વ. સંકેતભાઇ સતિષભાઇ પટેલ
સ્વ. તા. ૦૫/૦૨/૨૦૨૬

**શ્રદ્ધાંજલિ**



આપની સહૃદયતા, સાદગી, સૌમ્યતા, સત્કર્મ જેવા સદ્દગુણો દ્વારા અહર્નિસ સર્વેના હૃદયમાં સમાયેલા છો. આપના જીવનમાંથી ઉપરોક્ત સદ્દગુણોને આત્મસાત કરવાનું પરમેશ્વર અમોને સામર્થ્ય આપે તથા પ્રભુ આપના પવિત્ર અને દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અંતઃકરણની પ્રાર્થના

સ્વ. સંકેતભાઈ સતિષભાઈ પટેલ
સ્વ. તા. ૦૫/૦૨/૨૦૨૬

લિ.
ધર્મેશભાઈ મોહનભાઈ પટેલ હેતલબેન ધર્મેશભાઈ પટેલ
યુગ ધર્મેશભાઈ પટેલ વૃંદા ધર્મેશભાઈ પટેલ
સરનામુઃ અઠવા, નવો મોહલ્લો, લાલ બંગલા, સુરત

**ભાવભીની શ્રધ્ધાંજલિ**

સ્વ. સંકેતભાઈ સતીશભાઈ પટેલ
તા. ૦૫.૦૨.૨૦૨૬



આંખો હંમેશા શોધે છે તમોને,
અંતર હંમેશા પોકારે છે તમને,
ભર બપોરે સૂરજ ઢળી ગયો,
તેજસ્વી તારલો ખરી પડયો,
ચારે દિશામાં સૂનકાર છવાઈ ગયો,
સૌના હૈયાને કંપાવી ગયો,
તારો સદાય હસતો ચહેરો,
મધૂર વાણી, નિસ્વાર્થ સ્વભાવ,
સાગર સમો પ્રેમભાવ હંમેશા હૈયે રહેશે.
પ્રભુ તારા દિવ્ય આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના

લિ.
ધીરજભાઈ પરભુભાઈ પટેલ
ચેતનભાઈ પરભુભાઈ પટેલ
સાહિલ ચેતનભાઈ પટેલ
દિવ્યેશ ધીરજભાઈ પટેલ
મીત શશીકાંતભાઈ પટેલ
અક્ષિતા નીરવ પટેલ
શેફાલી નિમેષભાઈ પટેલ
કેતકીબેન જીગ્નેશભાઈ પટેલ
વિલાશીની શૈલેષભાઈ પટેલ

**હાર્દિક શ્રધ્ધાંજલિ**



સ્વ.સંકેત સતિષભાઈ પટેલ
સ્વ. તા.: ૦૫-૦૨-૨૦૨૬

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જયાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું, પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
જગુભાઈ રામજીભાઈ પટેલ લક્ષ્મીબેન જગુભાઈ પટેલ
ભરત જગુભાઈ પટેલ નિલમ ભરત પટેલ
નિલેશ જગુભાઈ પટેલ(એડવોકેટ) દિવ્યા નિલેશ પટેલ
જેહાન, દ્રવ્ય, આરવ, મેહેર તથા સમસ્ત પરિવાર

**હાર્દિક શ્રધ્ધાંજલિ**



સ્વ.સંકેત સતિષભાઈ પટેલ
સ્વ. તા.: ૦૫-૦૨-૨૦૨૬

નજર સમક્ષ કાયમ રહયા, હવે તસ્વીર જ જોવાની રહી, રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહી, આપનો મિલનસાર સ્વભાવ હંમેશા યાદ આવશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પાર્થના.

લિ.
પિનલભાઈ જગુભાઈ પટેલ(C.A)
સ્મીતા પિનલભાઈ પટેલ
તપસ્યા, આદિત્ય(મંત્ર) તથા સમસ્ત પરિવાર

**હાર્દિક શ્રધ્ધાંજલિ**



સ્વ.સંકેત સતિષભાઈ પટેલ
સ્વ. તા.: ૦૫-૦૨-૨૦૨૬

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે, તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો, પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
નિતીનભાઈ ચંદુભાઈ પટેલ(એડવોકેટ) હેતલબેન નિતીનભાઈ પટેલ
સંદિપભાઈ ચંદુભાઈ પટેલ કરિશ્માબેન સંદિપભાઈ પટેલ
કશક, શ્લોક, હિયાન તથા સમસ્ત પરિવાર

**પાથરણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતા શ્રી કાંતિલાલ વેણીલાલ જીનવાલાનો સ્વર્ગવાસ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદગત દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.
પાથરણું: ૦૯-૦૨-૨૦૨૬, સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ રાખવામાં આવ્યું છે.

શોકાતુર
હિમાંશુ કાંતિલાલ જીનવાલા (પુત્ર)-૭૬૦૦૦૧૪૨૮૫
પૂજા હિમાંશુ જીનવાલા (પુત્રવધુ)
રોશની સારંગકુમાર બોડીવાલા (પુત્રી)
સારંગકુમાર બળવંતરાય બોડીવાલા (જમાઈ)
પૂર્વ હિમાંશુ જીનવાલા
ધ્રુવી સારંગકુમાર બોડીવાલા
સ્થળ: શ્રી રામી માળી પંચની વાડી, બેજનવાલા કોમ્પ્લેક્ષની ગલીમાં, તાડવાડી, રાંદેર રોડ, સુરત

સ્વ. કાંતિલાલ વેણીલાલ જીનવાલા
તા.૦૮-૦૨-૨૦૨૬,
રવિવાર, મહા, વદ, સાતમ
(ઉ.વર્ષ.૭૪) (ગામ. સુરત)

**વ્હાલા મિત્રને શ્રધ્ધાંજલિ**



પ્રિય મિત્ર તુષાર
તમે હંમેશા અમારા દિલ તથા યાદોમા રેહશો.
ઈશ્વર તમારી આત્માને
શાંતિ આપે એવી પ્રાર્થના.

સ્વ.શ્રી તુષારભાઈ હરજીભાઈ ઘેલાણી

લિ.
જગદીશભાઈ ટી. દેસાઈ | પ્રશાંતભાઈ આર. દંડવતે
નીલભાઈ જે. દેસાઈ | અનુપભાઈ એમ. મપારા
એમ. એસ. ગોહિલ

**સાતમી વાર્ષિક શ્રધ્ધાંજલિ**



વર્ષો વીતશે, વીતશે કાળ અમાપ. હૈયાના કણકણમાં છો, સદાય સજીવન આપ. સાથ છોડીને સર્વનો, વસ્યા પ્રભુને આવાસ. શાંતિ પામો સર્વદા, એજ અમારી આશ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ.અ.સૌ.ગીતાબેન ઉત્તમરામ દમવાલા
સ્વ.તા. ૦૯/૦૨/૨૦૧૯

લિ.
ઉત્તમરામ જગજીવનદાસ દમવાલા
દર્શન ઉત્તમરામ દમવાલા ક્રિષ્ણા દર્શન દમવાલા
અતુલ ઉત્તમરામ દમવાલા ટીના અતુલ દમવાલા
અમર ઉત્તમરામ દમવાલા ભાવિની અમર દમવાલા
ધર્મિષ્ઠા પ્રદીપકુમાર ગલીયાવાલા
જુગલ, આદિત્ય, શ્રિકા, રુદ્રા તથા સમસ્ત દમવાલા પરિવાર

**વ્હાલા ભાઈને શ્રદ્ધાંજલિ**



ભાઈ, તમે બહુ વહેલા ચાલી ગયા...
હજી તો તમારી સાથે ઘણું જીવન જીવવાનું બાકી હતું.
પરિવારનો વટ અને ઘરની શાન આજે મૌન થઈ ગઈ છે,
તમારા વગર હવે દરેક તહેવાર અધૂરો લાગશે.
અશ્રુભીની આંખે તમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

સ્વ. સંકેતભાઈ સતીષભાઈ પટેલ
સ્વ. તા. ૦૫/૦૨/૨૦૨૬

લિ.
શોભનાબેન રમેશભાઈ પટેલ (માસી)
રેશ્માબેન કિશનભાઈ પટેલ (બેન)
ટ્વિંકલબેન રાકેશભાઈ પટેલ (બેન)
કરિશ્માબેન કલ્પેશભાઈ પટેલ (બેન)
ભાણેજ
શિવ, હેની, રેની, શેન, ડયુક, દ્રવ્ય